ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૧/૧૮-૧૯/ 5034 તારીખ : 01 NOV 2018

કેસ ન. ૧૦૧/૧૮-૧૯.

પ્રતિ,
શ્રી જેશીંગભાઈ ભગવાનભાઈ રાઠોડ,
રહે. થોરીયાળી, તા. સાયલા,
જી. સુરેન્દ્રનગર.
મો : ૭૦૯૬૩ ૨૦૨૧૧.

**વિષય :** ખેતીવાડી વીજ કનેક્શનનું બિલ મળવા અંગે.

**સંદર્ભ** : ૧) આપનો પત્ર તા. ૨૪.૦૮.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૧૦૧/૧૮-૧૯/૩૩૯૩ તા. ૦૫.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૧૬.૧૦.૧૮. નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, લીંબડી .

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, સાયલા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૧/૧૮-૧૯** ☜

વાદી :- શ્રી જેશીંગભાઈ ભગવાનભાઈ રાઠોડ.

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૧૬/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :- પોતે.

પ્રતિવાદી :- શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

શ્રી જેશીંગભાઈ ભગવાનભાઈ રાઠોડ, મુ.થોરિયાળી, તા. સાયલા, ની તેમના ખેતીવાડી વીજ કનેક્શન ના બિલ ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૧/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૧૦૧/૧૮-૧૯ /૩૯૯૩ તા.૦૫.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૬.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઇજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમો અરજદાર ઉપરોક્ત સરનામે રહીએ છીએ અને ખેતી કરી અમારૂં ગુજરાન ચલાવીએ છીએ.

૧.૨ અમારી ખેતીની સીમ જમીન થોરીયાળી ગામ ના સર્વે ન-૧૭૫ વાળી જમીન પર આપની વીજ કંપનીનું વીજ કનેક્શન અમો ધરાવીએ છીએ. સદર વીજ કનેક્શન અમોને સને.૨૦૧૭ માં આપવામાં આવેલ છે ત્યારથી અમોને આ વીજ કનેક્શન જે વર્ષનું ઉધડ બીલ તરીકે કનેક્શન આપવામાં આવેલ છે. જે કનેક્શન અંગે નું વીજ બીલ એક પણ બીલ અમોને આજ દિવસ સુધી આપવામાં આવતું નથી. જે અંગે ની તપાસ અમોએ સાયલા ઓફિસમાં વારંવાર કરવા છતાં કોઈ જવાબ આ ઓફિસમાંથી આપવામાં આવતો નથી.

૧.૩ અમોએ ધોરણસર ની ફી પણ ભરપાઈ કરી આપેલ છે. તેમ છતાં આજ દિવસ સુધી અમારી અરજી મુજબની માંગણી વાળી જમીન પર અમોને વીજ કનેક્શન અંગેનું વીજ બીલ આપવામાં આવતું નથી.

૧.૪ આ અંગે વારંવાર તપાસ કરવા છતાં પરિણામ શૂન્ય જ આવે છે જેથી અમારા પ્રશ્નનું ઝડપી અને ન્યાયિક કાર્યવાહી કરવા માટે અમો હાલની ફરિયાદ આપ સાહેબને કરી રહ્યા છીએ. આ અંગે થતી ધોરણસરની કાર્યવાહી કરવા અને અમોને યોગ્ય માર્ગદર્શન આપવા અરજ છે.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,**

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે જણાવવાનું કે વાદીશ્રી ની નામ ફેરફાર અને પી.ડી.સી.આર.સી માટેની દરખાસ્ત વર્તુળ ની મંજુરી માટે મોકલી આપવામાં આવેલ. જેની મંજુરી વર્તુળ કચેરી ધ્વારા પત્ર ન-એસએનસી/એબી/રેવ/૪૪૦૯ તા-૧૬.૦૭.૨૦૧૬ થી આપવામાં આવેલ.

૨.૨ ત્યારબાદ વાદીશ્રી નું વીજ જોડાણ ઈ-ઉર્જા સિસ્ટમમાં X સ્ટેટસમાંથી નોર્મલ કરવામાં આવેલ છે. જેથી તેઓના વીજ બીલની એન્ટ્રી ઓગષ્ટ ૨૦૧૮ થી નોર્મલ સ્ટેટસમાં થઇ ગયેલ છે.

૨.૩ સદર વીજ જોડાણ એ-વન (A1) કેટેગરીનું છે. જેનો ગ્રાહક ન-૭૩૫૫૫/૦૦૧૭૪/૪ છે. જેથી સદર વીજ જોડાણનું વીજ બીલ નાણાકીય વર્ષ મુજબ બનાવવામાં આવતું હોવાથી વર્ષમાં એક વાર (૧૨ મહિનાનું) વીજબીલ આપવામાં આવે છે. આથી નાણાકીય વર્ષ પૂર્ણ થયે વાદીશ્રી ને નવું વીજ બીલ મોકલી આપવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી જેશીગભાઈ ભગવાનભાઈ રાઠોડ ગામ થોરીયાળી તા. સાયલા સર્વે નં. ૧૭૫માં ખેતીવાડી વીજ જોડાણ ગ્રાહક નં. ૭૩૫૫૫/૦૦૧૭૪/૪ થી ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે તેઓનું ખેતીવાડી વીજ જોડાણ પી.ડી.સી. માંથી રી કનેક્શન કરી વર્ષ ૨૦૧૭માં આપવામાં આવેલ છે જેનું વીજ બિલ મળતું નથી.

૩.૩ પ્રતિવાદી ફોરમને જણાવે છે કે ખેતીવાડીના એ-૧ ટેરીફના વીજ જોડાણમાં વર્ષની શરૂઆતમાં વીજ ગ્રાહકને બિલ માટેનું કાર્ડ આપવામાં આવે છે જેમાં વર્ષ દરમ્યાન ગ્રાહકે ભરવી પડતી મંથવાઈસ રકમ દર્શાવેલ હોય છે.

૩.૪ વાદીનું વીજ જોડાણનું કાર્ડ ૨૦૧૮ની સાલમાં બનેલ નથી. પરંતુ વાદીને ૨૦૧૮ થી ડીસે.-૨૦૧૮ સુધીમાં દ્વિ માસિક હપ્તાની રકમ દર્શાવતું પત્રક પ્રતિવાદી મોકલી આપશે, જેથી વાદીને રકમ ક્યારે ભરવી તેનું જાણ રહે.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજૂઆત, પ્રતિવાદીની રજૂઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે હુકમ કરવામાં આવે કે " તારણ નં. ૩.૪ મુજબ પ્રતિવાદીએ વાદીને પત્ર દ્વારા ૨૦૧૮ ની સાલ દરમ્યાન દ્વિ માસિક હપ્તા ભરવાની જાણ કરતો પત્ર દિવસ-૭ માં મોકલવો તેમજ ત્યારબાદ નિયમિત વીજ બિલ નું કાર્ડ મળે તેની તકેદારી રાખવી."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| (બી. જે. દવે)<br>સ્વતંત્ર સભ્યશ્રી | ગેરહાજર<br>(પી. એચ. માવાણી)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર. |
|---|---|---|

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

તારીખ :–૧૬.૧૦.૧૮.